
# ડિઝલ અંકુશમુક્ત કરવા તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૨૦

પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ આજે કહ્યુ હતુકે ડિઝલની કિંમતોને તબક્કાવાર ભાવ વધારા સાથે છ મહિનાની અંદર અંકુશમુક્ત કરવામાં આવશે. દિલ્હીમાં કેપીએમજી એનર્જી બેઠકમાં બોલતા મોઈલીએ કહ્યુ હતુકે છ મહિનામાં ડિઝલ સેક્ટરને અંકુશમુક્ત કરવામાં આવશે. પેટ્રોલપંપ વેચાણના ૯૫ ટકા પર અંકુશ ધરાવતા સરકારી ફ્યુઅલ રિટેલર્સ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ફિક્સ્ડ રેટ પર ડિઝલનું વેચાણ કરે છે. ઉત્પાદનના ખર્ચ કરતા ઓછી કિંમતે આનું વેચાણ કરવામાં આવે છે. સરકારે આ વર્ષે જાન્યુઆરી મહિનામાં દર મહિને લિટરદીઠ ૫૦ પૈસા સુધીનો વધારો કરવા તેમને મંજુરી આપી હતી. ફ્યુઅલ પર આપવામાં આવેલી સબસિડીને દૂર કરવાના ભાગરૂપે દર મહિને ૫૦ પૈસાનો વધારો કરવાની મંજુરી અપાઈ હતી. ડિઝલના વેચાણ પર નુકસાન અથવા તાં અન્ડર રિકવરીનો આંકડો દર મહિને વધારાના પરિણામે ૨.૫૦ રૂપિયા સુધી ઘટી ગયો છે. ડિઝલ પર હાલ અન્ડર રિકવરી લિટરદીઠ ૯.૨૮ રૂપિયા છે. મોઈલીએ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યુ હતુકે રેટમાં દર મહિને વધારો યોજના મુજબ જારી રહેશે. એક વખતે લિટરદીઠ ૩થી ૪ રૂપિયાનો વધારો કરવામાં આવશે નહીં. ડિઝલ વેચાણ પર તમામ નુકસાનને દૂર કરવા હાલમાં કરાઈ રહેલા ઘટાડા મુજબ આગળ વધવામાં આવશે. ૧૯ મહિનાનો સમય લાગશે પરંતુ મોઈલીને આશા છે કે રૂપિયો મજબુત બનશે. જૂન ૨૦૧૦માં સરકારે કેટલાક



મહત્વપૂર્ણ નિર્ણય લીધા હતા. પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત કરવામાં આવી હતી. ફ્યુઅલની કિમતમાં છેલ્લે સુધારો પહેલી નવેમ્બરના દિવસે કરાયો હતો તે વખતે પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ ૧.૧૫ સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલની કિંમતમાં ૫૦ પૈસા સુધીનો વધારો કરાયો હતો. મોઈલીએ ઉમેર્યુ હતુકે જો રૂપિયો ડોલર સામે મજબુત બનશે અને આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો ઘટશે તો તેને સંપૂર્ણપણે અંકુશમુક્ત કરવામાં આવશે. તેમણે એવો દાવો કર્યો હતો કે થોડાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં કોઈ અડચણ નથી. ડિઝલનો ઉપયોગ ખેડૂતો દ્વારા પણ મોટા પાયે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૧૩માં પેટ્રોલિયમ પેદાશમાં ભારતે ૧૫૭.૦૫૭ મિલિયન ટનનો ઉપયોગ કર્યો હતો.

## નોન સ્ટોપ દુરોન્ટો ટ્રેન બંધ કરવા તખ્તો તૈયાર : ટુંકમાં નિર્ણય કરાશે

નવી દિલ્હી,તા. ૨૦

ભારતીય રેલવે નોન-સ્ટોપ દુરોન્ટો ટ્રેન બંધ કરવા માટે તૈયાર છે. આના માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. ટુંક સમયમાં જ આની વિધિવત જાહેરાત કરવામા આવે તેવી શક્યતા છે. રેલવે મંત્રાલય દ્વારા નાણાંકીય કટોકટી વધુ ગંભીર ન બને તેની ખાતરી કરવાના હેતુથી આ ટ્રેનને હવે બંધ કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે પ્રધાન તરીકેના ગાળા દરમિયાન મમતા બેનર્જીએ તેમના ડ્રીમ પ્રોજેક્ટ તરીકે દુરોન્ટો ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરી હતી. અહેવાલમાં જણાવાયું છે કે જોરદાર વિરોધ છતાં મમતા બેનર્જીએ ૬૦થી વધારે દુરોન્ટો ટ્રેન શરૂ કરી હતી. જો કે હવે પરિસ્થિતી હાથમાંથી નિકળી ન જાય તેની ખાતરી કરવા માટે રેલવે મંત્રાલય દ્વારા આનોન-સ્ટોપ ટ્રેનો બંધ કરવાની વિચારણા હાથ ધરી છે. અહેવાલમાં જણાવાયું છે કે બે દુરોન્ટો ટ્રેન જે



પૈકી એક ચેન્નાઈથી કોઈમ્બતુર વચ્ચે અને અન્ય ચેન્નાઈથી થિરુવનંતપુરમ વચ્ચેની ટ્રેનને ક્રમશ ત્રીજી અને નવમી ડિસેમ્બરથી બંધ કરવામાં આવનાર છે.ભોજન અને એર કન્ડીશન્ડ ઈકોનોમી ક્લાસ જેવી રાજધાની જેવી જ સુવિધા આપનાર આ ટ્રેનના કારણે રેલવેને ભારે નુકસાન થઈ રહ્યું છે.

મૂળભૂત સ્થળથી નિર્ધારિત સ્ટેશન વચ્ચે કોઈ પણ રોકાણ વગર દોડતી આટ્રેનના ૨૦થી ૩૦ ટકા બર્થ ખાલી દેખાઇ રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છેકે ટુંકા પ્રવાસ રેલવેને વધારે આવક કરી આપે છે. રેલવે દ્વારા અજમેર-હઝરત નિઝામુદ્દીન દુરોન્ટો એક્સપ્રેસને જન શતાબ્દી સુપર ફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં ફેરવી નાંખવામાં આવી છ. આ મહિનામાં જ આ નિર્ણય કરાયા બાદ તેના વધારાના સ્ટોપ પણ ઉમેરવામાં આવ્યા છે. બીજી બાજુ હજુ સુધી કુલ છ દુરોન્ટો ટ્રેનોને નિયમિત ટ્રેનોમાં ફેરવી દેવામા આવી છે. રેલવે દ્વારા નિયમિત ટ્રેનોમાંથી કેટલાક કોચ પાછા ખેચી લેવામાં આવ્યા છે. તેમની ક્ષમતા કરતા ઓછા યાત્રીઓને લઈને ચાલતી ટ્રેનોમાંથી પણ કોચ પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

## શરતોનો કોઈ જ ભંગ થયો નથી : ઓગસ્ટા વેસ્ટલેન્ડ

નવી દિલ્હી,તા. ૨૦

૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરોના સપ્લાય માટેની સૌદાબાજીને ભારતે રદ્દ કરી દીધા બાદ આજે ઓગસ્ટા વેસ્ટલેન્ડે પોતાનો ખુલાસો કર્યો હતો અને કહ્યુ હતુકે આઈએએફ સાથે આ સમજૂતિમાં કોઈ પણ કોન્ટ્રાક્ટના ધારા ધોરણોનો ભંગ કરવામાંઆવ્યો નથી. ઓગસ્ટા વેસ્ટલેન્ડે તેની સામે કરવામાં આવેલા કોન્ટ્રાક્ટ પહેલાની સમજૂતિના ભંગના આક્ષેપોને રદિયો આપ્યો છે. કંપનીએ નિવેદન જારી કરીને કહ્યુ છે કે અમે લેખિતમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓનો જવાબ આપીશું. આ નિવેદન એવા સમયે આવ્યુ છે જ્યારે સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ કહ્યુ છે કે કંપનીએ કોન્ટ્રાક્ટ સાથે સંબંધિત ધારાધોરણોનો ભંગ કર્યો હતો જેના પરિણામ સ્વરૂપે સરકારે તેની સામે પગલા લીધા હતા. કંપનીએ કહ્યુ છે કે તે વિધિવત જવાબ મોકલી રહી છે. આ કૌભાંડમાં તેની ભૂમિકા અંગે પણ ખુલાસો કરવામાં આવી રહ્યો છે. એવા આક્ષેપો થયા છેકે ઓગસ્ટા વેસ્ટલેન્ડની તરફેણમાં સૌદાબાજી માટે ભારતીય એજન્ટોને ૩૦૦ કરોડ રૂપિયાની કટકીની ચૂકવણી કરવામાંઆવી હતી. એન્ગ્લો-ઈટાલિયન કંપનીને અંતિમ કારણદર્શક નોટિસ સૌદૈબાજી રદ્દ કરવાના સંદર્ભમાં આપવામાં આવી ચુકી છે. ૨૬મી નવેમ્બર સુધી જવાબ આપવા માટે સૂચના અપાઈ છે. ૨૧મી ઓક્ટોબરના દિવસે સંરક્ષણ મંત્રલાય દ્વારા કારણદર્શક નોટિસ અપાઈ હતી. આમા ૨૧ દિવસની મહેતલ અપાઈ હતી જે ૧૧મી નવેમ્બર સુધી ચાલનાર હતી. જો કે ઓગસ્ટા વેસ્ટલેન્ડે જવાબ આપવા માટે વધુ ૧૫ દિવસની મહેતલ માંગી હતી. તેની સામે શા માટે પગલા લેવા જોઈએ નહીં અને કોન્ટ્રાક્ટર રદ્દ કરવો જોઈએ નહીં તે અંગે ખૂલાસો કરવા ઓગસ્ટા વેસ્ટલેન્ડને કહેવામાં આવ્યુ હતુ. સંરક્ષણમંત્રાલયે સૌથી પહેલા ૧૫મી ફેબ્રુઆરીએ નોટિસ આપી હતી અને સાત દિવસની અંદર તેની સામે કરાયેલા લાંચના આક્ષેપોનો જવાબ આપવા કહ્યુ હતુ.

## ચક્રવાતી વાવાઝોડુ હેલન આજે આંધ્રપ્રદેશને પાર કરે તેવી વકી

ચેન્નાઈ,તા. ૨૦

બંગાળના અખાત પર સર્જાયેલુ તીવ્ર દબાણ હવે ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈને આગળ વધે તેવી શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે વાવાઝોડુ હેલન આવતીકાલે રાત્રે ચેન્નાઈ અને ઓનગ્લે વચ્ચેથી પસાર થાય તેવી શક્યતા છે. વાવાઝોડાને ધ્યાનમાં લઈને આંધ્રપ્રદેશમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. વાવાઝોડાએ તાજેતરમાં ઓરિસ્સા અને આંધ્રપ્રદેશમાં ભારે નુકસાન કર્યુ હતું. ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે હેલન વાવાઝોડુ આવતીકાલે રાત્રે કાવેલી નજીક દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયા કાંઠાને પાર કરીને આગળ વધે તેવી શક્યતા છે. વાવાઝોડા દરમિયાન જોરદાર વરસાદ પડે તેવી શક્યતા છે. ઉપરાંત તોફાની પવન ફુંકાય તેવી પણ શક્યતા છે. હવામાન વિભાગે કહ્યું છે કે પશ્ચિમ-મધ્ય બંગાળના અખાત



પર તીવ્ર દબાણની સ્થિતી આગામી થોડાક કલાકોમાં વાવાઝોડામાં ફેરવાઈ જશે. આગામી ૨૪ કલાકમાં વાવાઝોડુ ત્રાટકે તેવી શક્યતા છે. સુત્રોએ કહ્યું છે કે ૨૧મી નવેમ્બરની રાત્રે દક્ષિણ આંધ્રપ્રદેશ અને ઉત્તર તમિળનાડુ દરિયા કાંઠાને વાવાઝોડુ પાર કરે તેવી શક્યતા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. જેથી માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી પણ આપવામાં આવી છે. વાવાઝોડા દરમિયાન દરિયામાં ઉંચા મોજા ઉછળે તેવી શક્યતા છે. આંધ્રપ્રદેશમાં તંત્ર દ્વારા કોઈ પણ મોટી ઘટનાને રોકવા માટે તૈયારી કરી લેવામાં આવી છે.

**ભારત-સાઉદી સમજૂતિ પર સહિસિક્કા કરશે**

## વર્કરોની ભરતીમાં મધ્યસ્થીની ભૂમિકાનો ટૂંકમાં અંત આવશે

નવી દિલ્હી,તા. ૨૦

ભારત અને સાઉદી અરબિયા ભારતીય સ્થાનિક વર્કરોની ભરતીની પ્રક્રિયામાં મધ્યસ્થીઓની ભૂમિકાનો કાયમીરીતે અંત લાવવા ટૂંક સમયમાં જ એક સમજૂતિ પર હસ્તાક્ષર કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. વર્કરોની ભરતીમાં મધ્યસ્થીઓ દ્વારા વ્યાપક લૂંટ ચલાવવામાં આવી રહી છે તેવા અહેવાલ આવ્યા બાદ હવે આ દૂષણનો અંત લાવવાની બંને દેશોએ તૈયારી કરી લીધી છે. ભારતના દૂતાવાસમાં અધિકારીએ આ અંગેની માહિતી આપી છે. કાયમીરીતે મધ્યસ્થીઓ માટેની કોઈ ભૂમિકાનો અંત લાવવાની દિશામાં આગળ વધીને ભારત પાસેથી મદદ મેળવવામાં આવનાર છે. ટૂંક સમયમાં જ આ સમજૂતિ પર સાઉદી અરબિયાના અધિકારીઓ અને ભારત દ્વારા હસ્તાક્ષર કરાશે. સાઉદી તરફથી આ સમજૂતિ પર ત્યાના શ્રમ પ્રધાન અદેલ હકી અને ભારતના વિદેશી બાબતોના પ્રધાન વ્યાલર રવી દ્વારા હસ્તાક્ષર કરવામાં આવશે. આ સમજૂતિના ભાગરૂપે અધિકારોની સુરક્ષાની જવાબદારી રહેશે. કંપની અને કર્મચારીની ચોક્કસ ફરજોનો ઉલ્લેખ કરવામાં આવશે. સ્થાનિક વર્કરોને તાલિમ આપવામાં આવશે અને મેડિકલ સેન્ટર પાસેથી પ્રમાણ પત્રો લેવા પડશે. સાઉદી અરબિયામાં ભારતીય સમુદાયના લોકોની સંખ્યા ખૂબ વધારે છે. એક અંદાજ મુજબ ૨.૮ મિલિયનથી વધુ લોકો સાઉદી અરબિયામાં રહે છે જે જુદા જુદા ક્ષેત્રોમાં નોકરી કરી રહ્યા છે.

## નિવૃત્તિ બાદ તેન્ડુલકર પરિવાર સાથે મસુરીમાં

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધા બાદ માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકર પોતાના પરિવાર સાથે રજા માણવાના હેતુસર આજે પ્રવાસી સ્થળ મસુરી પહોંચી ગયો હતો. આ મહાન ખેલાડીની સાથે તેના પત્નિ અંજલી પણ હતી. આ બંને સીધીરીતે હિલસ્ટેશન માટે રવાના થઈ ગયા હતા. એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓએ કહ્યુ છે કે ચાર્ટર્ડ વિમાનમાં જુલીગ્રાન્ટ એરપોર્ટ પર પહોંચ્યા બાદ આ બંને સીધીરીતે હિલસ્ટેશન માટે રવાના થયા હતા. સચિન તેન્ડુલકર પરિવારના મિત્ર અને બિઝનેસ પાર્ટનર સંજય નારંગની હોટલમાં મસુરી ખાતે રોકાશે. સચિને ગયા વર્ષેમસુરીમાંથોડાક દિવસ ગાળ્યા હતા. માસ્ટર બ્લાસ્ટર ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરવા પરિવાર સાથે દર વર્ષે હિલસ્ટેશન પર પહોંચે છે.

## ભારત-વિન્ડિઝ વચ્ચે આજે કોચીમાં વનડે જંગ ખેલાશે

કોચી,તા. ૨૦

ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે આવતીકાલથી વનડે શ્રેણી શરૂ થઈ રહી છે. ત્રણ વનડે મેચોની શ્રેણીમાં પ્રથમ મેચ આવતીકાલે કોચીમાં રમાનાર છે. આ મેચને લઈને ભારતીય ટીમ હોટફેવરિટ દેખાઈ રહી છે. સચિન તેન્ડુલકર સાથે સંબંધિત ફેરવેલ ટેસ્ટ શ્રેણીમાં વિન્ડિઝને કચડી નાંખવામાં આવ્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ વનડે ક્રિકેટમાં પણ શાનદાર દેખાવ કરવા માટે સજ્જ છે. ધોનીના નેતૃત્વમાં ટીમઈન્ડિયા પણ હોટ ફેવરીટ તરીકે મેદાનમાં ઉતરશે. બીજી બાજુ વિન્ડિઝની ટીમની ચારેબાજુ ટિકા થઈ રહી છે. રોહિત શર્મા અને શિખર ધવનની જોડી સામે વિન્ડિઝની ટીમને સાવધાન રહેવાની જરૂર પડશે. આ ઓપનિંગ જોડી ખૂબજ ઘાતક તરીકે ઉભરી રહી છે. રોહિત હાલમાં જ વનડે ક્રિકેટમાં બેવડી સદી ફટકારનાર ખેલાડીઓની યાદીમાં જોડાયો હતો. રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા સામે સાત મેચોની શ્રેણીમાં ૨૦૯ રન ફટકાર્યા હતા.

રોહિત શર્માએ ૧૫૮ બોલમાં આ રન બનાવ્યા હતા જેમાં રેકોર્ડ ૧૬ છગ્ગા ફટકાર્યા હતા. ત્રીજાક્રમ પર ભારત પાસે વધુ એક આક્રમક બેટ્સમેન છે જેમાંવિરાટ કોહલી છે. તે હાલના સમયનો સૌથી શ્રેષ્ઠ વનડે ખેલાડી છે. મિડલ ઓર્ડરમાં ટીમ પાસે સુરેશ રૈના, યુવરાજસિંહ અને ધોની જેવા ખેલાડીઓ છે. યુવરાજને દેખાવ સુધારવાની તક રહેલી છે. બોલિંગમાં મહોમ્મદ સામી, ભુવનેશ્વર કુમાર, મોહિત શર્મા રમનાર છે. રવિન્દ્ર જાડેજાની ટીમમાં ફરી વાપસી થઈ છે. રવિન્દ્ર જાડેજા ખભાની ઈજાના કારણે વિન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણીમાં રમ્યો ન હતો પરંતુ તેની શાનદાર વાપસી થઈ છે. વિન્ડિઝ માટે પડકારો ખૂબ મોટા રહેશે. ડેરેન સમ્મીની તાજેતરમાં વ્યાપક ટીકા થઈ રહી છે આવી સ્થિતિમાં સારો દેખાવ કરીને ટિકાકારોને શાંત પાડવાની તેમની પાસે તકો રહેલી છે. મેચને લઈને કોચીમાં તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. બંને ટીમો સારી શરૂઆત કરવા માટે ઈચ્છુક છે.

## સમાચાર ઝલક

- ♥ ભારત ચીન સામેની સરહદે ૫૦,૦૦૦ હજાર જવાનો ગોઠવશે.
- ♥ ૬૨ વર્ષની ઉંમરે પણ ગુનાખોરીનો રીઢો ગુનેગાર છારા ગેંગનો પ્રહલાદ ઝડપાયો.
- ♥ પાકિસ્તાનમાં છપાયેલી ભારતીય નકલી ચલણી નોટોના જથ્થા સાથે બે બિહારી વ્યક્તિ ઝડપાયા.
- ♥ પૂ. વિમાસણ બાપુના ગાદીપતિ ઉમાબાના નિધનથી શોકાતુર ભાવિકો.
- ♥ મહિલાઓ હજી ભેદભાવ સહન કરે છે.
- ♥ આર્થિક વિકાસમાં ગુજરાત કરતાં મહારાષ્ટ્ર મોખરે.
- ♥ પાકમાં ભારતીય ફિલ્મો દર્શાવવા પર આકરી શરતો મુકવામાં આવી.
- ♥ ફિલ્મ અભિનેત્રી વીણા મલિક નોર્વેના બિઝનેશમેન સાથે લગ્ન કરશે.
- ♥ ગુજરાતમાં ઘાતક હથિયારો ઘુસાડવાનું કાવત્રુ ઝડપાયું.
- ♥ બિહારમાં સચીનનું મંદિર બનશે, ધોની-યુવરાજની મૂર્તિ પણ મૂકાશે.
- ♥ ઇરાનના દૂતાવાસ બહાર બે આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ.
- ♥ ફિલ્મ અભિનેત્રી ઝિન્નત અમાને ૬૬મી વર્ષગાંઠ પુત્રો સાથે શાંતિથી ઉજવી.
- ♥ ઇટાલીના સાર્ડીનીયા ટાપુ પર પ્રચંડ વાવાઝોડું ત્રાટક્યું.
- ♥ સૂરત જિલ્લા પંચાયતના જિલ્લા આરોગ્ય અધિકારી મનિષ સિંહા લાંચનાં છટકામાં ઝડપાયા.
- ♥ 'આમ આદમી પાર્ટી' સામે અન્ના હજારેનો રણ ટંકાર.
- ♥ પોખરણમાં આધુનિક બ્રહ્મોસ મિસાઇલનું સફળ પરીક્ષણ.
- ♥ શાંતિ, નિઃશસ્ત્રીકરણ અને વિકાસમાં યોગદાન આપનાર જર્મનીના ચાંસેલર માર્કેલની ઇન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર માટે પસંદગી કરાઇ.
- ♥ અમદાવાદમાં ૧૩ વર્ષની યુવતીને પગની ચામડીથી બનાવાયો યોનિમાર્ગ, કુદરતી રીતે જન્મથી જ નહોતો.
- ♥ ફેસબુક, ટ્વિટરનું ચલણ વધતાં બ્લેક મેઇલિંગનાં બનાવો વધ્યા.
- ♥ ભારતમાં ૫૩% લોકો જાહેરમાં શોચક્રિયા કરે છે : વર્લ્ડ બેન્ક
- ♥ ઘર ભાડા ભથ્થાની આવક વેરા મુક્તિ મર્યાદા ઘટાડી.
- ♥ ગાયના ગૌમૂત્ર અને છાણ દ્વારા ખેતીમાં ચમત્કારિક પરિણામો.
- ♥ શુભલગ્ન સાવધાન! આજથી ચારે બાજુ લગ્નસરાની મોસમ ખીલી.

**સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)**

આપણે વસ્તુ-પદાર્થ કે પરિસ્થિતિને ઝકડી રાખીને આનંદ માટે ફાંફાં મારીએ છીએ. પરંતુ તેટલા પ્રમાણમાં તે તો દૂર થતો જાય છે. આનંદને પ્રાપ્ત કરવાનું સાધન છે. ત્યાગ, ભલે તમે ભોગવો પણ તેમાં આસક્ત થયા વિના. સમય આવે, જરૂર પડયે જો એક ક્ષણમાં તેને ત્યાગી શકો તો આનંદ મળે. 'તેન ત્યકતા' એટલે જીવન પરત્વેનું તટસ્થ વલણ... 'સુખે, દુખે સમા કૃત્વા' જો જીવન જીવીએ તો આનંદની જ ભાવના જાગે. ગીતાજીમાં પણ ત્યાગથી શાંતિ મળે છે શાંતિ પામનાર સુખ અને આનંદ પામે છે તેમ કહેવાયું છે.

બ્રહ્મની પ્રાપ્તિ માટે હૃદય વધારે નિર્મળ - પવિત્ર તથા શુદ્ધ હોવું જોઇએ. પરમ તત્ત્વ માટે સચ્ચિદાનંદ ઘન - તેવા શબ્દ વપરાય છે. આનંદઘન - એટલે ચોક્કસ આનંદનું સ્વરૂપ... જે કોઇ બાહ્ય - પદાર્થોની વિચલિત ન થાય.

સંતો અને નાના બાળકો સાચો આનંદ અનુભવે છે. પ્રકૃતિમાં પણ આનંદ જ હોય છે. માત્ર માણસ જ આનંદ ન પામતા વધારે દુઃખ ભોગવે છે. જો કે સાચી વાત તો એ છે કે દુઃખી થવા માટે પ્રયત્ન કરવો પડે છે. આનંદ માટે કંઇ પ્રયત્ન કરવો નથી પડતો. તે તો આપણું પોતાનું જ સ્વરૂપ છે. સ્વામી વિદિત્વાનંદજી દસમાં છોકરાની વાતો કરતાં કહે છે દસમો કયાંક ખોવાયો નથી. તે આપણી સાથે છે પણ ગણનારા પોતાને નથી ગણતા. તેમ આનંદ તો સાથે છે જ પણ પમાતો નથી.

પરમાત્માએ માનવ - જીવન સાચો આનંદ પામવા એટલે કે બ્રહ્મની ઓળખ કરવા આપેલ છે. આપણે મનને એવી રીતે કેળવીએ કે બાહ્ય પરિસ્થિતિ આંતર-ચિત્તની શાંતિને ન ડખોળે તો આત્મલીન થવાય, જાત સાથે લય જોડવાથી આનંદની અનુભૂતિ થાય છે. પરમાર્થે કર્મ કરવામાં પણ એ જ અનુભૂતિ થાય. વૈશ્વિક - મન સાથે સંબંધ જોડતા ચિત્ત વિશાળતા અનુભવે. કોઇના દુઃખે દ્રવે અને પછી તેના દુઃખમાં ભાગીદાર થવાની ભાવના જાગે તો પણ આત્માનંદની અનુભૂતિ થાય. બ્રહ્મની શોધ, ગ્રંથોમાં વિવેચનોમાં, પ્રવચનોમાં ન કરતાં પોતાની જાતમાં કરવી. આંતર - દૃષ્ટિ કરતાં આપોઆપ જ્ઞાન-વિજ્ઞાનની ભાળ મળે છે ને પરમ-તત્ત્વ સાથે ઐક્ય સધાય છે. આનંદની પ્રાપ્તિ એજ બ્રહ્મ પ્રાપ્તિ છે આત્મિક સાધનામાં મન સંપૂર્ણ પણે એક રાગ થઇ જાય છે.


**સામાજિક કાર્યકર અણ્ણા હજારે દ્વારા ખુલાસો**

## અરવિન્દ કેજરીવાલને ક્યારેય પણ ભ્રષ્ટાચારી ગણાવ્યા નથી

રાલેગણસિદ્ધિ,તા. ૨૦

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે દાવો કર્યો હતો કે અરવિંદ કેજરીવાલને ક્યારે પણ તેઓએ ભ્રષ્ટાચારી કીધા નથી. અણ્ણાએ દાવો કર્યો હતો કે તેમને અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલને બદનામ કરવા માટે કાવતરું ઘડવામાં આવ્યુ છે. અરવિંદ કેજરીવાલની ટિકા કરવા સાથે સંબંધિત વિડિયો સપાટી પર આવ્યા બાદ અણ્ણાએ આજે આ મુજબનો ખુલાસો કર્યો હતો. અણ્ણા હજારેએ કહ્યુ હતુ કે તેઓએ ક્યારે પણ કેજરીવાલને ભ્રષ્ટાચારી કીધા નથી. વિડિયો અંગે પુછવામાં આવતા હજારેએ કહ્યુ હતુકે તેઓ ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન (આઈએસી) દ્વારા એકત્રિત કરવામાં આવેલા ફંડ અંગે કેજરીવાલ સાથે ખુલાસો કરવા માટે ઈચ્છુક હતા. કેજરીવાલ ભ્રષ્ટાચાર છે તેવું ક્યારે કીધુ નથી.

કેજરીવાલ સાથે કોઈ મતભેદ હોવાનો પણ અણ્ણાએ ઈન્કાર કર્યો હતો અને કહ્યુ હતુ કે કેજરીવાલને તેઓ ફરીવાર પત્રલખીને આ અંગે જાણ કરશે. આ નિવેદનના સંદર્ભમાં એએપી દ્વારા તેમના નામનો દુરુપયોગ કરવો જોઈએ નહીં. હજારેએ એમ પણ કહ્યુ હતુકે



લોકપાલના આંદોલન દરમિયાન એકત્રિત કરવામાં આવેલા ફંડના પાંચ રૂપિયાનો પણ તેઓએ ઉપયોગ કર્યો નથી. ગાંધીવાદી નેતાએ એવા ઉમેદવારોને મત આપવા લોકોને અપીલ કરી હતી જે પક્ષો સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવે છે. ગુંડાઓ અને ભ્રષ્ટ લોકોને સંસદમાં ન મોકલવા અણ્ણાએ અપીલ કરી હતી. બીજી બાજુ અરવિંદ કેજરીવાલે આજે કહ્યુ હતુ કે અણ્ણા હજારેના વિડિયોથી તેમને આઘાત લાગ્યો છે. આમાં અણ્ણા હજારે આમ આદમી પાર્ટી દ્વારા રાજકીય હેતુ માટે ઈન્ડિયા એગેઈન્સ્ટ કરપ્શન ફંડના ઉપોયગ કરવા સામે પ્રશ્નો કરી રહ્યા છે. કેજરીવાલે કહ્યુ હતુકે ભાજપ અને કોંગ્રેસ તેમની વચ્ચે મતભેદો ઉભા કરવાના પણ પ્રયાસ કરી રહ્યા છે.

## ઉત્તરાખંડમાં અકસ્માતમાં ૧૬ લોકોના કરૂણ મોત

દહેરાદુન,તા. ૨૦

ઉત્તરાખંડના પિથોરાગઢ વિસ્તારમાં એક વાહન ખીણમાં ખાબકી જતા ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા હતા અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા. આ બનાવના કારણે તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. આ બનાવમાં ઘાયલ થયેલાઓની સંખ્યા છ આંકવામાં આવી છે. ઉત્તરાખંડ પાટનગર દહેરાદુનથી આશરે ૨૨૫ કિલોમીટરના અંતરે પિથોરાગઢમાં ધારચુલા અને દોબાત વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. બોલેરો વાહનમાં મુસાફરી કરી રહેલા ૨૨ લોકોપૈકી છને બચાવી લેવામાં આવ્યા હતા. ઘાયલ થયેલા તમામ લોકોને જુદી જુદી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. અકસ્માતમાં માર્યા ગયેલા લોકોની ઓળખ થઈ શકી નથી. મળેલી માહિતી મુજબ માર્યા ગયેલા તમામ લોકો શ્રદ્ધાળુઓ હતા અને ધાર્મિક સ્થળ પર ફરવા માટે જઈ રહ્યા હતા.